# DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ

## A Study of Value Pattern of DIET Students in Relation to Certain Variable

મયુર કે. પટેલ
Assistant Professor,
Shri I.J.Patel B.Ed. College, Mogri, Mahatma Gandhi Campus, Mogri, Anand, Gujarat (India).

**સારાંશ**

પ્રવર્તમાન સમયમાં પરંપરાવાદીઓની આદર્શોની માંગ, વ્યવહારવાદીઓની સામાજિક સજ્જતા માટેની હિમાયત અને નવ વિચારવાદીઓની તક્નીકી વ્યવહાર શીખવાના હેતુની માંગ છે. સાંપ્રત સમયમાં સામાજિક પરિવર્તનને કારણે વિશિષ્ટ એવા જ્ઞાનાત્મક, ભાવાત્મક અને મનોશારીરિક કૌશલ્યોની જરૂરિયાત ઉભી થઇ આ જરૂરિયાત પૂર્ણ કરવા મૂલ્ય જરૂરી છે. 'મૂલ્ય' એ તો સમાજનું પ્રાણ તત્વ છે. આવા મૂલ્ય ધારણ કરતા સમાજની 'સંસ્કૃતિ' તે સમાજની ઓળખ બની રહે છે. જે સમાજમાં 'મૂલ્ય'ની દરકાર નથી તે સમાજમાં ભ્રષ્ટાચાર, બળાત્કાર, મારા-મારી, લૂંટ વગેરે વ્યાપે છે. અસંસ્કૃત સમાજ સુખ - શાંતિ કે સમૃદ્ધિ પામી શકતો નથી. આજે મૂલ્ય સ્થાપન કરતા મૂલ્ય રક્ષા ધોવાણ રોકવાનું કાર્ય મહત્વનું છે આ ઓળખ બનાવી રાખવાનું કર્તવ્ય આપણા સૌનું છે. જેના હેતુઓ DIETના વિદ્યાર્થીઓના મૂલ્ય તરાહની કક્ષાનું માપન કરવુ, DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો કુંટુંબના તફાવતના સંદર્ભમાં અભ્યાસ કરવો અને DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો સામાજિક આર્થિક સ્થિતિના તફાવતના સંદર્ભમાં અભ્યાસ કરવો. ગુજરાત રાજ્યની DIETના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બને છે, જેમાંથી નિદર્શ તરીકે સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિનો ઉપયોગ કરી ૪ DIET સંસ્થાના બંને વર્ષના વિદ્યાર્થીઓના સમૂહને પસંદ કરી તેમની કુંટુંબના પ્રકાર અને સામાજીક આર્થિક સ્થિતિના સંદર્ભમાંથી કુલ ૨૬૦ વિદ્યાર્થીઓ, જેમાં ૧૬૫ સંયુક્ત કુંટુંબના વિદ્યાર્થીઓ અને ૯૫ વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓનો નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. જેના તારણો DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે, DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી, DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે અને DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી.

**પ્રસ્તાવના**

સાંપ્રત સમયમાં દરેક વ્યક્તિમાં અન્ય વિકાસાત્મક લક્ષણોની માફક મૂલ્યના વિકાસની અગત્યતા મહત્વની માનવામાં આવે છે. મૂલ્યનું સિંચન પણ બાલ્યવસ્થાથી જ થાય છે. દરેક વ્યક્તિમાં યોગ્ય મૂલ્યનો વિકાસ થયો હોય તો જ જીવનના દરેક ક્ષેત્રે એક સારી છાપ ઉપસાવી શકે છે. માનવમાત્રમાં વ્યક્તિ, કુંટુંબ, સમાજ રાષ્ટ્ર, પ્રકૃતિ તથા વિશ્વ પ્રત્યે સદભાવ અને સમભાવ જાગે તેવા કાર્યો કરવા પ્રેરવા અપાતું શિક્ષણ મૂલ્ય શિક્ષણ કહેવાય.

વિદ્યાર્થી અવસ્થાથી જ મૂલ્યોની ઓળખને કારણે વિદ્યાર્થી વ્યવહારમાં બનતી ઘટનાઓ અને સર્જાતી પરિસ્થિતિઓને ચોક્કસ દૃષ્ટિકોણથી મૂલવતા શીખે છે. માટે જ આજના યુગમાં જેની ખાસ અનિવાર્યતા છે તે છે ‘‘મૂલ્ય શિક્ષણ’’ સંશોધકો મૂલ્ય શિક્ષણની અગત્યતા સમજીને આ ક્ષેત્રે અભ્યાસ હાથ ધરે છે. મૂલ્ય સર્જનનો પાયો છે આનંદ સાથે અનુભૂતિ કરતા -કરતા જાણકારી મેળવવી અને એ ત્રિવિધ ક્ષમતાઓને કાયમ માટે પોતાના ચારિત્ર્યનો હિસ્સો બનાવવો આમ કરતા કરતા પ્રત્યેક વ્યક્તિ શાળામાં નો વિદ્યાર્થી અને શાળા બહારનો સામાન્ય નાગરિક, વ્યક્તિગત રીતે ભાવનાઓ અને શ્રદ્ધાઓથી સુસજ્જ બનશે, અને એવી વ્યક્તિઓનો સમાજ એક સુસંવાદી, સંપન્ન અને સુખી માનવ કૂળ બનશે.

**શાહ, બી. ડી.,** (૨૦૦૫), એ માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની મૂલ્ય પસંદગી તરેહનો અભ્યાસ કરેલ જેના હેતુઓ માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સાધ્ય સ્વરૂપ અને સાધન સ્વરૂપ મૂલ્ય પસંદગી તરેહનો અભ્યાસ કરવો અને માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સાધ્ય સ્વરૂપ અને સાધન સ્વરૂપ મૂલ્ય પસંદગી તરેહ પર જાતિયતા, શૈક્ષણિક પ્રવાહ અને શિક્ષકના વ્યવસાય પ્રત્યેના વલણની અસર તપાસવી તેનો હતો. સંશોધકે મહેસાણા જિલ્લાની માધ્યમિક પ્રશિક્ષણ ૧૩ કોલેજોના પ્રશિક્ષણાર્થીઓને વ્યાપવિશ્વ તરીકે પસંદગી કરી મિલ્ટન રોકેચની મૂલ્ય સંશોધનિકાનું ગુજરાતી રૂપાંતરણનો ઉપકરણ તરીકે ઉપયોગ કર્યો હતો. જેના તારણો માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સાધ્યસ્વરૂપ મૂલ્ય પસંદગીની તરેહ આ મુજબ જોવા મળી હતી. સમગ્ર નમૂનાના પાત્રો સ્વમાન, સમાનતા, વિશ્વશાંતિ, સ્વાતંત્ર્ય અને  સાચી મિત્રતા મૂલ્યોને વધુ પસંદગી જ્યારે આરામદાયક જીવન આંતરિક સુસંવાદિતા, પશ્ચાતાપ, રોમાચક જિંદગી અને ડહાપણને ઓછી પસંદગી આપતા હતા, માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સાધન સ્વરૂપ મૂલ્ય પસંદગીની તરેહ આ મુજબ જોવા મળી હતી. સમગ્ર નમૂનાના પાત્રો પ્રમાણિક, મહત્વાકાંક્ષી, જવાબદાર, વિવેકી અને વિશાળ દૃષ્ટિકોણ મૂલ્યોને વધુ પસંદગી જ્યારે ચોખ્ખું તાર્કિક, કલ્પનાશીલ, હિમ્મતવાન અને સમર્થ મૂલ્યોને ઓછી પસંદગી આપતા હતા અને જાતીયતા, શૈક્ષણિક પ્રવાહ અને શિક્ષકના વ્યવસાય પ્રત્યેના વલણના સંદર્ભમાં માધ્યમિક શિક્ષક પ્રશિક્ષણાર્થીઓની સાધ્ય સ્વરૂપ મૂલ્ય પસંદગી તરેહમાં સૂચક તફાવત જોવા મળ્યો ન હતો.

**મજીઠિયા આર. આર.,** (૧૯૯૧), એ રાજકોટ શહેરના અધ્યાપન મંદિરોના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના મૂલ્ય પરખ, મૂલ્ય તરેહ અને મૂલ્ય સ્તર પર મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરકારકતાનો અભ્યાસ કરેલ, જેના હેતુઓ અધ્યાપન મંદિરોના તાલીમાર્થીઓમાં મૂલ્ય પૃથક્કરણ મોડલની સમજ વિકસાવી તેની  પરખ  શક્તિ પર મૂલ્ય પૃથક્કરણ મોડલની અસર તપાસવી અને તાલીમાર્થીઓમાં પસંદિત મૂલ્યો તથા મૂલ્ય સ્તરપર (સહકાર, રાષ્ટ્રીય, ધાર્મિક શિક્ષણ, વ્યવસાય માટે  અર્પણ અને વૈજ્ઞાનિક દૃષ્ટિબિદું)ની મૂલ્ય તરેહ પર મૂલ્ય પૃથક્કરણ મોડલની અસર તપાસવી જેવા હતા. જેના તારણો પ્રાયોગિક જૂથને મૂલ્ય પૃથક્કરણ મોડલ અંગેની સમજ વિકસાવવા અપાયેલા વ્યાખ્યાન નિદર્શન અને ચર્ચા અસરકારક ર□ા, તાલીમાર્થીઓની સહકાર અને વૈજ્ઞાનિક દૃષ્ટિબિંદુ મૂલ્યો અંગેની મૂલ્ય તરેહ શક્તિમાં મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરને કારણે વધારો થયો હતો જ્યારે શિક્ષણ વ્યવસાય પ્રત્યે અર્પણ રાષ્ટ્રીયતા અને ધાર્મિક મૂલ્યો અંગેની મૂલ્ય તરેહ શક્તિમાં મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરને કારણે ‘મૂલ્ય સ્તર’ શકિતમાં મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરને કારણે વધારો થયો ન હતો અને શહેર અને તાલીમાર્થીઓની ‘મૂલ્ય સ્તર’ શકિતમાં મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરને કારણે વધારો થયો હતો.

**પંચાલ, બી. કે..**, (૧૯૯૫), એ નાણાંના મૂલ્ય અંગેના શિક્ષિત વ્યક્તિઓના પ્રત્યક્ષીકરણનો અભ્યાસ કરેલ, જેના હેતુઓ જીવનના વિવિધક્ષેત્રો અને વ્યવહારોમાં પૈસાનું મહત્વ શું છે તે તારવવું, ગ્રામ અને શહેરી વિસ્તારના શિક્ષિત વ્યક્તિઓમાં નાણાંનાં મૂલ્ય વચ્ચે રહેલો તફાવત જણાવો અને પૈસા પ્રત્યેના સાધનાત્મક અને સાધ્યલક્ષી મૂલ્યોનો અભ્યાસ કરવો જેવા હતા. ધોરણ - ૧૦ પાસ હોય અને ૨૫ વર્ષથી મોટી વયની હોય તેવી કુલ ૨૦૦ વ્યક્તિઓને પસંદ કરવામાં આવ્યા હતા. જેના તારણો વ્યક્તિ પરિવર્તન અને નાણાં વચ્ચેના સંબંધ અંગેનું પ્રત્યક્ષીકરણ નાણાંના સાધ્યલક્ષી મૂલ્ય તરફ ઢળે છે, પ્રતિષ્ઠા અને નાણાં વચ્ચેના સંબંધ અંગેનું પ્રત્યક્ષીકરણ નાણાંના સાધનલક્ષી કે સાધ્યલક્ષી મૂલ્ય વિશે સ્પષ્ટ થતું નથી, સુખી લગ્ન જીવન અને નાણાં વચ્ચેના સંબંધ અંગેનું પ્રત્યક્ષીકરણ નાણાંના સાધનલક્ષી મૂલ્ય તરફ ઢળે છે, આરોગ્ય અને નાણાં વચ્ચેના સંબંધ અંગેનું પ્રત્યક્ષીકરણ નાણાંના સાધ્યલક્ષી મૂલ્ય તરફ ઢળે છે અને સંતોનોના અભ્યાસ અને નાણાં વચ્ચેના સંબંધ અંગેનું પ્રત્યક્ષીકરણ સાધનલક્ષી મૂલ્ય તરફ ઢળે છે.

**ગોહિલ જી.**, (૧૯૯૫), એ સુરેન્દ્રનગર જિલ્લાના અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા તાલીમાર્થીઓના મુલ્યોનો અભ્યાસ કરેલ, જેના હેતુઓ અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા પુરૂષ અને સ્ત્રી તાલીમાર્થીઓના મૂલ્યોની તુલના કરવી, ઉચ્ચ અને નિમ્ન સામાજિક - આર્થિક પરિસ્થિતિવાળા તાલીમાર્થીઓના વિવિધ મૂલ્યોની તુલના કરવી અને ગ્રામીણ અને શહેરી વિસ્તારના તાલીમાર્થીઓના વિવિધ મૂલ્યોની તુલના કરવી જેવા હતા, નમૂના તરીકે સુરેન્દ્ર નગર અધ્યાપન મંદિરના ૪૧૯ તાલીમાર્થીઓની નિદર્શ પસંદગી કરી હતી જેના તારણો અધ્યાપન મંદિરોમાં તાલીમાર્થી પુરૂષ/સ્ત્રી તાલીમાર્થીઓના ધાર્મિક સામાજિક, સૌદર્યાત્મક, આર્થિક, જ્ઞાનાત્મક, કૌટુંબિક મૂલ્યોમાં અર્થ સૂચક તફાવત ન હતો, અધ્યાપન મંદિરોમાં તાલીમ લેતા ગ્રામીણ અને શહેરી વિસ્તારના તાલીમાર્થીના ધાર્મિક, સામાજિક, લોકશાહી, સુખાત્મક, કૌટુંબિક મૂલ્યોમાં સાર્થક તફાવત હતા અને પછાત અને બિન પછાત તાલીમાર્થીઓમાં મૂલ્યોમાં તફાવત હતો.

**જોષી ચંદ્રમૌલી**, (૧૯૯૯), એ પ્રાથમિક શાળાના શિક્ષકોની સિદ્ધિપ્રેરણાના મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરેલ, જેનો હેતુ પ્રાથમિક શાળાના શિક્ષકોના છ સ્વતંત્ર ચલનના સંદર્ભમાં તેની સિદ્ધિ પ્રેરણા, મૂલ્યો તથા શીખવવા પ્રત્યેના વલણનો અભ્યાસ કરવો. નિદર્શમાં કુલ ૫૨૫ પ્રાથમિક શાળાના શિક્ષકોનો ઉપયોગ કરી માહિતી એકત્રિત કરવામાં આવી હતી. જેના તારણો જિલ્લા પંચાયત સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોનું ધાર્મિક મૂલ્ય ઉંચુ જોવા મળેલ, શહેરી વિસ્તારમાં આવેલી પ્રાથમિક શાળાના શિક્ષકોના ધાર્મિક મૂલ્ય બીજા વિસ્તારમાં આવેલી શાળાના શિક્ષકો કરતા ઉંચા જોવા મળેલ, નગરપાલિકા સંચાલિત પ્રાથમિક શાળાના શિક્ષકોના સામાજિક મૂલ્યો ઉંચા જોવા મળેલ અને ખાનગી સંચાલનવાળી પ્રાથમિક શાળાના શિક્ષકોના આર્થિક મૂલ્યો ઉંચા જોવા મળેલ હતો. આમ, અભ્યાસકે બધી બાબતોને ધ્યાનમાં રાખી કુંટુંબના પ્રકાર અને સામાજીક આર્થિક સ્થિતિના સંદર્ભને ધ્યાન રાખી આ વિષય પર અભ્યાસ કરેલ છે.

## સમસ્યા

DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો ચોક્કસ ચલોના સંદર્ભમાં અભ્યાસ (A Study of Value Pattern of DIET Students in Relation to Certain Variable)

## હેતુઓ

- DIETના વિદ્યાર્થીઓના મૂલ્ય તરાહની કક્ષાનું માપન કરવુ.

- DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો કુંટુંબના તફાવતના સંદર્ભમાં અભ્યાસ કરવો.
- DIETના વિદ્યાર્થીઓની મૂલ્ય તરાહનો સામાજિક આર્થિક સ્થિતિના તફાવતના સંદર્ભમાં અભ્યાસ કરવો.

## ઉત્કલ્પનાઓ

ઉત્કલ્પના એ અભ્યાસના હેતુને અનુરૂપ સંશોધનના અંતે કેવા પરિણામો પ્રાપ્ત થશે તે અંગેના તાર્કિક અનુમાનો તેમજ સમસ્યાને વૈજ્ઞાનિક રીતે જોવાની આંખ છે.

$Ho_1$: DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

$Ho_2$: DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

$Ho_3$: DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

$Ho_4$: DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી વચ્ચે કોઇ સાર્થક તફાવત નહી હોય.

## વ્યાપવિશ્વ અને નમૂનો

આ અભ્યાસમાં ગુજરાત રાજ્યની કુલ DIET સંસ્થામાંથી યાદચ્છિક રીતે ચાર સંસ્થાઓ આણંદ (વલાસણ), કઠલાલ, અમરેલી, સુરેન્દ્રનગર, DIET સંસ્થાઓના વિદ્યાર્થીઓ વ્યાપવિશ્વ બને છે, જેમાંથી નિદર્શ તરીકે સ્તરીકૃત યાદચ્છિક પદ્ધતિનો ઉપયોગ કરી કુલ ૨૬૦વિદ્યાર્થીઓ નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

## ઉપકરણ

આ અભ્યાસ માટે ડૉ. એચ. ઓ. જોષી રચિત અને પ્રમાણિત મૂલ્ય સંશોધિનીના માપદંડનો અને ડૉ. કે. એસ. લિખિયા અને નેહાબેન ડી. ઠક્કર રચિત અને પ્રમાણિત સામાજિક - આર્થિક દરજ્જાના માપદંડનો ઉપયોગ કરેલ છે.

## માહિતી એકત્રીકરણ અને પૃથક્કરણ:

પ્રસ્તુત અભ્યાસમાં નિદર્શ તરીકે પસંદ કરેલ DIET સંસ્થાના વિદ્યાર્થીઓને જે તે જગ્યાએ રૂબરૂ જઇને મૂલ્ય સંશોધિની અને સામાજિક આર્થિક દરજ્જાનો માપદંડની પ્રશ્નાવલી આપવામાં આવી હતી. એકત્રિત કરેલ માહિતીનું પૃથક્કરણ અને અર્થટન કરવા માટે આંકડાશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કર્યો હતો. જેનાથી અભ્યાસ અંગેના ચોક્કસ પરિણામો પ્રાપ્ત કરી શકાય છે. આ અભ્યાસમાં મધ્યક, પ્રમાણ વિચલન અને ટી- કસોટી પ્રયુક્તિનો ઉપયોગ કરેલ છે.

## પરિણામ

$Ho_1$: DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને મૂલ્ય શોધેલ છે. જે સારણીમાં દર્શાવેલ છે.

Vol. 5, Issue: 10, October : 2017 (IJRSML) ISSN: 2321 - 2853

**સારણી - ૧**

સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીનીઓના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના સરાસરી પ્રાપ્તાંક વચ્ચેના તફાવતની સાર્થકતા

| જૂથ | N | M | SD | $SE_D$ | c.r. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| સંયુક્ત કુંટુંબ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૧૬૫ | ૭.૯૭ | ૫.૦૯ | ૦.૬૬ | ૧.૯૮ | સાર્થક છે. |
| વિભક્ત કુંટુંબ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૯૫ | ૯.૧૬ | ૫.૨૬ | | | |

સારણી - ૧ માં દર્શાવ્યા પ્રમાણે, DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકનો મધ્યક અનુક્રમે ૭.૯૭ અને ૯.૧૬ તેમજ પ્રમાણ વિચલન અનુક્રમે ૫.૦૯ અને ૫.૨૬ આવે છે. તેમજ t - મૂલ્ય ૧.૯૮ આવે છે. જે ૦.૦૫ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય ૧.૯૬ કરતાં વધુ છે. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આમ, DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે.

**$Ho_2$:** DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને મૂલ્ય શોધેલ છે. જે સારણીમાં દર્શાવેલ છે.

**સારણી - ૨**

સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીનીઓના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના સરાસરી પ્રાપ્તાંક વચ્ચેના તફાવતની સાર્થકતા

| જૂથ | N | M | SD | $SE_D$ | c.r. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| સંયુક્ત કુંટુંબ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૧૬૫ | ૨૧.૩૭ | ૧૩.૧૪ | ૧.૪૦ | ૧.૦૦ | સાર્થક નથી. |
| વિભક્ત કુંટુંબ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૯૫ | ૧૯.૯૭ | ૫.૦ | | | |

સારણી - ૨ માં દર્શાવ્યા પ્રમાણે, DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકનો મધ્યક અનુક્રમે ૨૧.૩૭ અને ૧૯.૯૭ તેમજ પ્રમાણ વિચલન અનુક્રમે ૧૩.૧૪ અને ૫.૦૦ આવે છે. તેમજ t - મૂલ્ય ૧.૦૦ આવે છે. જે ૦.૦૫ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય ૧.૯૬ કરતાં ઓછું છે. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. આમ, DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી.

**$Ho_3$:** DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને મૂલ્ય શોધેલ છે. જે સારણીમાં દર્શાવેલ છે.

**સારણી - ૩**

ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના સરાસરી પ્રાપ્તાંક વચ્ચેના તફાવતની સાર્થકતા

| જૂથ | N | M | SD | $SE_D$ | c.r. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૬૫ | ૮.૫૧ | ૫.૦૭ | ૦.૮૬ | ૨.૩૩ | સાર્થક છે. |
| નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૬૫ | ૧૦.૭૯ | ૪.૭૭ | | | |

સારણી - ૩માં દર્શાવ્યા પ્રમાણે, DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકનો મધ્યક અનુક્રમે ૮.૫૧ અને ૧૦.૭૯ તેમજ પ્રમાણ વિચલન અનુક્રમે ૫.૦૭ અને ૪.૭૭ આવે છે. તેમજ t - મૂલ્ય ૨.૩૩ આવે છે. જે ૦.૦૫ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય ૧.૯૬ કરતાં વધુ છે. આથી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આમ, DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે.

**$Ho_4$:** DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકોની સરાસરી, પ્રમાણ વિચલન અને મૂલ્ય શોધેલ છે. જે સારણીમાં દર્શાવેલ છે.

**સારણી - ૪**

ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના સરાસરી પ્રાપ્તાંક વચ્ચેના તફાવતની સાર્થકતા

| જૂથ | N | M | SD | $SE_D$ | c.r. | નોંધ |
|---|---|---|---|---|---|---|
| સામાજિક આર્થિક સ્થિતિ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૬૫ | ૨૦.૩૨ | ૫.૦૧ | ૦.૮૨ | ૧.૨૯ | સાર્થક નથી. |
| સામાજિક આર્થિક સ્થિતિ વાળા DIETના વિદ્યાર્થીઓ | ૬૫ | ૧૯.૨૭ | ૪.૩૧ | | | |

સારણી - ૪માં દર્શાવ્યા પ્રમાણે, DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટક પરત્વેના પ્રાપ્તાંકનો મધ્યક અનુક્રમે ૨૦.૩૨ અને ૧૯.૨૭ તેમજ પ્રમાણ વિચલન અનુક્રમે ૫.૦૧ અને ૪.૩૧ આવે છે. તેમજ t - મૂલ્ય ૧.૨૯ આવે છે. જે ૦.૦૫ની સાર્થકતા કક્ષાના સારણી મૂલ્ય ૧.૯૬ કરતાં ઓછું છે. આથી ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં આવે છે. આમ, DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી.

## તારણો

- DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે.
- DIETના સંયુક્ત કુંટુંબ અને વિભક્ત કુંટુંબના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી.
- DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના આર્થિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળે છે.
- DIETના ઉચ્ચ સામાજિક આર્થિક સ્થિતિ અને નિમ્ન સામાજિક આર્થિક સ્થિતિના વિદ્યાર્થીઓના મૂલ્ય કસોટીના સામાજિક મૂલ્ય ઘટકમાં તફાવત જોવા મળતો નથી.

## ઉપસંહાર

DIETના વિદ્યાર્થીઓ એ ભવિષ્યના શિક્ષકો છે. શિક્ષકે પોતાના વ્યવસાયમાં આર્થિકતાને ગૌણ અને પોતાના શિક્ષણના કર્મને પ્રાધાન્ય આપી સમાજ સેવાની સાથે-સાથે રાષ્ટ્ર સેવાનું ઉત્તમ કાર્ય કરવાનું છે. જો શિક્ષક આર્થિકતાને વધુ મહત્ત્વ આપે અને કયારેક આર્થિક સંતોષ ન થાય ત્યારે તેનો ભોગ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સંસ્થાએ બનવું પડતું હોય છે. શિક્ષકના જીવનમાં પણ આર્થિક જરૂરિયાતો હોય છે પણ એ આર્થિકતા વિદ્યાર્થીઓનું અહિત ન કરે એવું શિક્ષણ તાલીમી સંસ્થાઓ દ્વારા ભવિષ્યના શિક્ષકોને આપવું જોઇએ જેથી શિક્ષણ કાર્ય ધનોપાર્જન માત્રનું સાધન ન બની રહે.

## સંદર્ભ


૧. આચાર્ય, મોહિની, શિક્ષણમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર, અક્ષર પબ્લિકેશન, અમદાવાદ.
૨. ઉચાટ, ડી. એ., (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિ શાસ્ત્ર, સાહિત્ય મુદ્રાણાલય પ્રા. લિ., અમદાવાદ.
3. જોષી, ડી. એચ., (૧૯૯૪). મૂલ્યોનું શિક્ષણ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.
4. શાહ દીપીકા બી. (૨૦૦૪), શૈક્ષણિક સંશોધન, ગુજરાત યુનિવર્સિટી, ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
**૫.** પંચાલ, બી. કે., (૧૯૯૫). નાણાંના મૂલ્ય અંગેના શિક્ષિત વ્યક્તિઓના પ્રત્યક્ષીકરણનો અભ્યાસ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.
૬. દેસાઇ, એ. જી. અને દેસાઇ, કે. જી., (૧૯૮૫). સંશોધનની પદ્ધતિઓ અને પ્રવિધિઓ, ગુજરાત યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
૭. દોંગા, એન. એસ., શિક્ષણનું મનોવિજ્ઞાન, નિજ્જિન સાયકો સેન્ટર, રાજકોટ.
૮. મજીઠિયા, આર. આર. (૧૯૯૧). રાજકોટ શહેરના અધ્યાપન મંદિરોના પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના મૂલ્ય પરખ, મૂલ્ય તરેહ અને મૂલ્ય સ્તર પર મૂલ્ય પૃથક્કરણ મોડલની અસરકારકતાનો અભ્યાસ, શિક્ષણશાસ્ત્ર વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.